પ્રતિ, તા. ૦૨/૦૬/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

- **પાલિતાણાનાં પનોતા પુત્ર અને કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા પર થયેલ હુમલાના પ્રયાસને રોષપૂર્ણ રીતે વખોડી કાઢતી સૌરાષ્ટ્રની સ્વૈચ્છિક સંસ્થાઓ**

ભાવનગર જીલ્લાનાં નાના એવા ગામમાંથી કેન્દ્રિય મંત્રી સુધી પહોંચવાની સફળતા પ્રાપ્ત કરનાર કેન્દ્રિય મંત્રીશ્રી પર થયેલ હુમલાના પ્રયત્નથી તેમના વતનના તાલુકા પાલિતાણા સહિત સૌરાષ્ટ્રના તમામ વિસ્તારોના નાગરિકોમાં રોષ ફાટી નીકળેલ છે. કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા જેવા તેજસ્વી યુવાન અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા નેતા પર થયેલા હુમલાને સંપૂર્ણ વખોડી કાઢી પોતાની આ લાગણી રાજ્ય સરકાર સુધી પહોંચાડવાના પાલિતાણા, વલ્લભીપુર, ભાવનગર જેવા શહેરોમાં મૌન રેલીનું આયોજન થયેલ. જેમાં સામાજીક સંસ્થાઓ, પટેલ સમાજ અને આ શહેરોના નાગરિકોએ બહોળી સંખ્યામાં જોડાઈ અને આવેદનપત્ર પાઠવેલ હતું.

કેન્દ્રિય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેઝ, શીપીંગ, કેમિકલ્સ અને ફર્ટીલાઈઝર્સ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ પોતાની સાંસદ ગ્રાન્ટમાંથી રૂા. ૧૦ લાખ ફાળવીને વલ્લભીપુરને સુવિધા પુરી પાડેલ હોય તેના અનુસંધાને વલ્લભીપુરના લોકોએ તેમનો સત્કાર સમારંભ યોજેલ હતો. તા. ૨૮/૦૫/૨૦૧૭ના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં પોતાની જાતને ‘‘પાસ’’ સંગઠનના કન્વીનર તરીકે ઓળખાવતા એક વ્યક્તિ દ્વારા તેમના પર હુમલાનો પ્રયાસ કરી કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા પ્રયત્ન કરેલ, આ ઘટનાથી સમગ્ર સમાજમાં રોષની લાગણી ફેલાયેલ છે. જેના ઘેરા પડઘા સમગ્ર સૌરાષ્ટ્રમાં પડી રહેલ છે. વિવિધ તાલુકા–જીલ્લા મથકે સુજ્ઞ સમાજ દ્વારા રેલીઓ યોજી સરકારશ્રીને આવેદનપત્ર પાઠવી આ ઘટનાને વખોડવા તથા આ કૃત્ય પાછળ સંડોવાયેલ તમામ લોકોને ખુલ્લા પાડવા માંગણી થઈ રહેલ છે.

કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા પર થયેલ હુમલાનાં પ્રયાસને વખોડી કાઢવા તથા તેમના સેવાનું સમર્થન કરવા ‘‘વલ્લભી અસ્મિતા મંચ’’ દ્વારા વલ્લભીપુર નગરમાં વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીમાં સેંકડોની સંખ્યામાં લોકો સ્વયંભુ જોડાઈ કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાનું સમર્થન કરેલું હતું તથા સરકારશ્રીને આવેદનપત્ર આપીને હુમલાનો વિરોધ નોંધાવ્યો હતો અને આ અંગે કાર્યવાહી કરવા માંગ કરેલ હતી.

આ ઉપરાંત ભાવનગર શહેરમાં પણ મૌન રેલી કાઢીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.